પાલનપુરમાં ખારકૂવાનું ખોદકામ કરતા મજૂર પર ભેખડ ધસી પડી

પાલનપુર, તા. ૨૮

જીલ્લા મથક પાલનપુર શહેરમાં બસસ્ટેન્ડ રોડ પર આવેલ ગેસ્ટહાઉસ નજીક શૌચાલયના ખાળકૂવાનું ખોદકામ

કરતા મજૂર પર ભેખડ ધસી પડતા ૨૫ ફૂટ ઊંડા કાળકૂવામાં દટાઈ જવાના લીધે તેનું મોત નીપજ્યું હતું. બે આદિવાસી મજૂરો ખાળકૂવાનું ખોદકામ કરી રહ્યા હતા તે દરમયાન ૨૫ ફૂટ ઊંડુ ખોદકામ કરતી વખતે અચાનક જમીનની ભેખડ ધસી પડતા અંદર કામ કરનાર સુનીભાઈ નીતાભાઈ આદિવાસી દટાઈ ગયો હતો.

આ બનાવની જાણ થતા આસપાસના લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને તંત્રને જાણ કરતા પાલિકાની ફાયર ટીમ, પોલીસ અને ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. અને યુદ્ધના ધોરણે બચાવની કામગીરી શરૂ કરી હતી. જો કે મહામુસીબતે દટાયેલા મજૂરને બહાર તો કાઢ્યો પણ કમનસીબે તેનું કરૂણ મોત નીપજ્યું હતું.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં આજે ઠેર ઠેર

રણુંજાધિશ રામદેવના પાટોત્સવની ધામધૂમથી ભવ્ય ઉજવણી થશે

મોડાસાના રાજપુર મંદિર ઉપરાંત વિવિધ દેવ-દેવી મંદિરો નિવાસસ્થાનો, આશ્રમોમાં ભજન-કિર્તન યોજાશે

મોડાસા, તા. ૨૮

આજે મહાસુદ બીજ મહા બીજના મંગલ અવસરે દર વર્ષની જેમ આ વર્ષે પણ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં ઠેર ઠેર રણુજાધિશ રામદેવના પાટોત્સવની ધામધૂમથી ઉજવણી થશે. તે માટેની તડામાર તૈયારીઓ પણ થઈ ગઈ છે.

મોડાસાના રાજપુર (બાકરોલ)ના શ્રી રામદેવજી મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રદ્ધા-ભક્તિપૂર્વક પાટોત્સવ ઉમંગભેર ઉજવાશે જેમાં આસપાસના ગામો ઉપરાંત જિલ્લાભરમાંથી રામદેવ ભક્તો ઉમટી પડશે. અહીં ભજન-કિર્તન અને સતસંગ અને દર્શન કરી ભક્તો ધન્ય બનશે.

મોડાસા શહેર નજીક દેવાયત પંડિતની સમાધિ સ્થળે દેવરાજ ભૂમિમાં પણ મહાબીજે ભક્તો રામદેવજી મંદિરે દર્શન કરી ધન્યતા અનુભવશે. મોડાસામાં ધુણાઈ રોડ ઉપર આવેલ દેવભૂમિ નજીક સિદ્ધ રામદેવ મંદિરે ગોવિંદદાસ મહારાજના સાનિધ્યે પાટોત્સવ ઉજવાશે.

મોડાસા સહિત અરવલ્લી જિલ્લાભરમાં રામદેવ મંદિરો અને સાબરકાંઠા જિલ્લામાં પણ ઠેર ઠેર મંદિરોમાં રામદેવ પાટોત્સવ જામા જાગરણ કાર્યક્રમો યોજાશે. રાતભર જાગરણ કરશે. ભજન-કિર્તન થશે. મોડાસાના મોટી ઈસરોલ ગામે પૂ. હીરાદાદાના સાનિધ્યે આજે મારૂતિ ઈન્ડ.ના રામભાઈ પી. પટેલ અને હરેશભાઈ પટેલના માર્ગદર્શન નિવાસસ્થાને મહાબીજના પાવન દિને પાટોત્સવ ઉજવાશે. આમ બંને જિલ્લાઓમાં ભાવિકો આજે રામદેવમય બનશે. બાબાની ભક્તિમાં લિન બનશે.

સત્તીસગઢનું એક કુટુંબ નાના બાળકોને ટ્રેઈન કરીને રોજી રોટી મેળવે છે

કાંકરેજ તાલુકાના આકોલી ગામે એક નટ પરિવારનું નાનુ કુટુંબ પોતાનું પેટીયુ રળવા માટે દોરી ઉપર જીવ સટોસટના ખેલ કરતા કેમેરામાં કંડારાયું હતું. જો કે વર્ષોથી નટ પરિવારનો ધંધો છે પરંતુ નાના બાળકની ચપળતા અને નજરથી સામ સામે વાંસના થાંભલાએથી બાંધેલ દોરી ઉપર હાથમાં મોટો વાંસ લઈ દોરી ઉપર ચાલવુ અને બા-બાપુજીનું જીવન નિર્વાહ કરતું આ બાળકને જોવા લોકોના ટોળાઓ ઉમટી પડ્યા હતા અને લોકોએ ૨, ૫ અને ૧૦ રૂપિયા જેવી મદદ કરી હતી. આમ એક ગામથી બીજા ગામ જઈ પાપી પેટકા સવાલ હે પૈટીયુ રળતુ આ નટ કુટુંબની બાળકીની ઉંમર ૩ થી ૪ વર્ષ જેટલી હોવા છતાં વાંસ સાથે બાંધેલ દોરીમાં પગમાં થાળી સાથે લઈ ચાલે છે. અને લોકોને મંત્ર મુગ્ધ કરી પોતાના માતા-પિતા અને પોતાના જીવનનો નિર્વાહ કરે છે.

ફીલ્ડ રીપોર્ટર્સ પાલનપુરનો નવમાં વર્ષમાં પ્રવેશ

ફીલ્ડ રીપોર્ટર્સના પ્રમુખ તરીકે સિતાબ કાદરીની સર્વાનુમતે વરણી, મહામંત્રી હસમુખ પટેલ અને ઉપ પ્રમુખ તરીકે મહેશ પ્રજાપતિ

પાલનપુર, તા. ૨૮

બનાસકાંઠા જિલ્લાના મુખ્યાલય પાલનપુર સ્થિત પત્રકાર ક્ષેત્રે કાર્યરત ફીલ્ડ રીપોર્ટર્સ પાલનપુરનો નવમા વર્ષમાં પ્રવેશ થયો છે.

૨૬મી જાન્યુઆરી ૨૦૦૯થી કાર્યરત આ સંગઠન પત્રકારત્વના નવા નવા આયામો સર કરી લોક માનસમાં અનેરી છાપ ઉભી કરી રહ્યું છે. પાલનપુરના હેલ્લોપોઈન્ટ હોટલ ખાતે ૨૬મી જાન્યુઆરીની સંધ્યાએ વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. આ બેઠકમાં વિદાય લઈ રહેલા પ્રમુખ પ્રકાશ વ્યાસ અને મહામંત્રી નરેશ ચૌહાણે વર્ષ દરમ્યાન કરેલ કાર્યવાહીનો ચિતાર રજુ કર્યો હતો. ત્યાર બાદ કેક કાપી નવમાં વર્ષના પ્રવેશની ઉજવણી કરવામાંઆવી હતી.

ચૂંટણી અધિકારી અંકિત વ્યાસે ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરી હતી. જેમાં ઈટીવીના હસમુખ પટેલ પ્રમુખ તરીકે સિતાબ કાદરીના નામની દરખાસ્ત કરી હતી અને ગુજરાત ટુડેના અક્ષર ચૌહાણે ટેકો આપ્યો હતો. ત્યારબાદ સ્થાપક પ્રમુખ રખેવાળના સંજય જોષી સહિત ફીલ્ડના તમામ સભ્યોએ ટેકો આપી નવિન પ્રમુખ તરીકે સિતાબ કાદરીની વરણી કરી હતી. ત્યારબાદ સ્થાપક પ્રમુખ સંજય જોષી ચૂંટણી અધિકારી અંકિત વ્યાસ અને નવ નિયુક્ત પ્રમુખ સિતાબ કાદરીએ બેસીને નવિન ટીમની રચના કરી હતી. જેમાં મહામંત્રી ઈટીવીના હસમુખ પટેલ, ઉપપ્રમુખ તરીકે બીકે ન્યુઝ ચેનલના મહેશ પ્રજાપતિ, મંત્રી પદે દૈનિક ભાસ્કરના વિજયભાઈ જોષી, ખજાનચી તરીકે મોઘજીભાઈ ચૌધરી, વી.ટી.વી. કાર્યાલય મંત્રી રતન સાંગીયા ઈન્ડીયા ટીવી સહકાર્યાલય મંત્રી ગુજરાત ટુડેના અક્ષર ચૌહાણ, આંતરીક ઓડીટર, ટાઈમ્સ ઓફ ઈન્ડીયાના શૈલેશ પવાર તથા સલાહકાર સમિતિમાં બી.કે. ન્યુઝ ચેનલના વિનોદ સુંદેશા ગુજરાત સમાચારના દિપકભાઈ રાવલ એમ.જી. એસ. ટી.વી.ના નરેશ ચૌહાણ જયારે ફીલ્ડ રીપોર્ટર્સના સપોટર દિવ્ય ભાસ્કરના પંકજભાઈ સોનેજી અંકિત વ્યાસ અને બનાસ ન્યૂઝ ચેનલના પ્રકાશભાઈ વ્યાસ નવનિયુક્ત પ્રમુખ સિતાબ કાદરીએ ફીલ્ડ રીપોર્ટર્સના તમામ સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો.

ફિક્સ પગારવાળા શિક્ષકોએ સળંગ નોકરીના લાભ આપવા રજૂઆત

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ૧૮-૧-૨૦૧૭ના રોજ પરિપત્ર મુજબ ૧૬-૨-૨૦૦૬ પછીના ફિક્સ પગારદારોને માટે પગાર ધોરણ વધારી આપવામાં આવતા વિદ્યાસહાયકોમાં આનંદ છવાયો હતો પરંતુ ૧૯૯૭થી ૨૦૦૫ સુધી ફિક્સ પગારવાળા શિક્ષકોને પગાર વધારાનો કોઈ પણ લાભ આપવામાં આવ્યો નથી જેથી અગાઉ વિદ્યાસહાયક તરીકે ૨૫૦૦ રૂ. પગારમાં નોકરી કરી તેમના દ્વારા સરકારની બેધારી નીતિ સામે 'સમાન કામ સમાન વેતન'ના સિદ્ધાંતની માંગ સાથે વિદ્યાસહાયકોને થયેલા અન્યાયના પગલે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ૧૯૯૭થી ૨૦૦૫માં ભરતી થયેલા વિદ્યાસહાયકોએ સરકાર દ્વારા સળંગ લાભ આપવા ઉગ્ર રજૂઆત કરી અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ હસમુખ પટેલને આવેદનપત્ર આપી તેમને થયેલા અન્યાય અંગે ઘટતુ કરવા અને સરકારીતંત્રમાં રજુઆત કરવા માંગ કરી હતી.

અરવલ્લી ભાજપના કાર્યકરો આદિવાસી રેલીમાં જોડાશે

મોડાસા, તા. ૨૮

ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની આગેવાનીમાં આગામી તા. ૭ ફેબ્રુઆરીએ દક્ષિણ ગુજરાતના સુપ્રસિદ્ધ ધર્મસ્થાન ઉનાઈથી નિકળનારી આદિવાસી વિકાસ ગૌરવયાત્રાનો અરવલ્લી જિલ્લામાં પણ ભવ્ય સ્વાગત થશે તે માટે તડામાર તૈયારીઓ પણ શરૂ કરી દેવાઈ છે. આજે મળેલી જિલ્લા કાર્યકરોની બેઠકમાં યાત્રાની વિગતો આપતા જિલ્લા પ્રમુખ રણવીરસિંહ ડાભી અને મહામંત્રી શામળભાઈ પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ભાજપ સરકારે "પેસા" વિસ્તારોના ગ્રામજનોને મળેલા અધિકાર અને ગૌરવને બક્ષતી આ યાત્રા આદિવાસી વિસ્તારના ૧૫ જિલ્લાઓના ૫૦ તાલુકાઓને આવરી લેશે. યાત્રા દરમિયાન ૫૦૦ જેટલા સ્થાનો પર યાત્રાનું સ્વાગત થશે અને જનસભાને સંબોધન થશે.

પ્રદેશ અધ્યક્ષની યાત્રા દરમ્યાન યોજાનાર જાહેર સભાઓમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, કેન્દ્રીય મંત્રી પરશોત્તમભાઈ રૂપાલા સહિત કેન્દ્રીય આગેવાનો, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાનની સરકારના આદિવાસી મંત્રીઓ સહિત પ્રદેશના આગેવાનો ઉપસ્થિત રહી ભાજપ સરકારના આદિવાસી સમાજ માટેના વિકાસના કાર્યો અને સંવેદનાપૂર્ણ નિર્ણયો સહિતની બાબતોનું માર્ગદર્શન આપશે. આ યાત્રા અરવલ્લી જીલ્લામા પણ આવશે જેના સંદર્ભે આજ રોજ જીલ્લા કાર્યાલય ખાતે આદીવાસી કાર્યકરો સાથે રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

પ્રાંતિજ ખાતે પ્રગતિ સેતુ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે પ્રગતિ સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રાંતિજ સહિત તાલુકામાંથી ૧૩૦ અરજીઓ આવી હતી. જેમાં ૧૧૦ અરજીઓનો સ્થળ ઉપર હકારાત્મક જવાબ આવતા નિકાલ કરવામાં આવ્યો હતો.

પ્રાંતિજ તાલુકા સેવાસદન ખાતે તાલુકા કક્ષાનો પ્રગતિ સેતુ કેમ્પ યોજાયો હતો જેમાં પ્રાંતિજ તાલુકાનાં લોકોને વિવિધ કચેરીઓને લગતાં પ્રશ્નોને લઈને એકજ સ્થળ ઉપર વિવિધ કચેરીઓ જેવીકે વિજ કંપનીની કચેરી, તાલુકા કચેરી, ફોરેસ્ટ વિભાગની કચેરી, બાંધકામ કચેરી, આરએમબી કચેરી, શિક્ષણ વિભાગની કચેરી, પોલિસને લગતાં પ્રશ્નોને લઈને પણ કચેરીઓના અધિકારીઓ સહિત સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો અને અરજદારોની અરજીઓનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવ્યો હતો. અને બાકીની અરજીઓનો નિકાલ એક અઠવાડિયા સુધીમાં કરી આપવા માટેની જે તે કચેરીઓને સુચનાઓ કરવામાં આવી હતી.

આ પ્રસંગે જીલ્લા કલેક્ટર

ની. સ્વરૂપ , જિલ્લા વિકાસ અધિકારી વ્યાસ , જિલ્લા પોલિસ વડા માલ,પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ, પ્રાંતિજ- તલોદ પ્રાંતિજ અધિકારી એ.આર. ચૌધરી, વી.ડી. ઝાલા, તાલુકા સદસ્ય પ્રદિપસિંહ રાઠોડ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

ક્રિષ્ણા પ્રાથમિક શાળા રૂણીમાં ધ્વજવંદન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

ધાનેરા તાલુકાના રૂણી ગામમાં આવેલ ક્રિષ્ણા પ્રાથમિક શાળામાં ૬૮માં પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી મુકેશભાઈ મેવાડા, પ્રમુખ મફાભાઈ પટેલ, શાળાના શિક્ષકો, શાળાના તમામ બાળકો તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

હિંમતનગરની સમર્થ કેમ્પસમાં યોજાયેલ ઇનોવેશન-૨૦૧૭માં

ઈલેક્ટ્રિક વિભાગના ૪ વિદ્યાર્થીઓએ બોર્ડર સર્વેલન્સ સિસ્ટમનો પ્રોજેક્ટ રજુ કર્યો

હાલમાં સરહદ પર આતંકવાદીઓ જવાનોના વેશ ધારણ કરી ઘુસણખોરી કરી રહ્યા છે અને દેશની સુરક્ષા ભંગ કરીને હુમલા કરી રહ્યા છે ત્યારે તેની સામે સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગરની સમર્થ કેમ્પસમાં યોજાયેલ ઈનોવેશન-૨૦૧૭માં હિમતનગરના એંન્જીનીયરીંગ કોલેજના વિધ્યાર્થીઓ દ્વારા બોર્ડર સર્વેલન્સ સીસ્ટમ બનાવી છે જેનાથી આતંકવાદીઓની ઘુસણખોરી અટકાવી શકાય છે.

હિંમતનગરની સમર્થ કોલેજના ઈલેટ્રીકલ ડીપાર્ટમેન્ટના વિધ્યાર્થીઓ દ્વારા બોર્ડર સર્વેલિયન્સ સિસ્ટમ નામનો એક અનોખો પ્રોજેક્ટ બનાવ્યો છે જે દેશની સુરક્ષા માટે અત્યંત ઉપયોગી છે.આમ તો ભારતની સરહદ પર આતંકવાદીઓ ભારતીય જવાનો અને આર્મીના વેશમાં ઘુસી જાય છે અને દેશની સુરક્ષામાં ખતરો પેદા કરી છે.થોડા સમય પહેલા ઉરીમાંમાં પણ આજ પ્રકારે આતંકવાદીઓએ ઘુસીને આતંક મચાવી દેશના જવાનોને શહીદ કરેલા અને એ પણ ભારતીય જવાનોના વેશમાં આવીને.આ પ્રકારની આતંકવાદીઓની ઘુસણખોરીને નાથવા માટે આ ચાર વિધ્યાર્થીઓ દ્વારા આ એક સીસ્ટમ બનાવવામાં આવી છે અને જેનાથી આતંકીઓની ઘુસણખોરી અટકી શકે છે.આમ તો આ સીસ્ટમ બનાવવા માટે આ વિધ્યાર્થીઓને વિવિધ સરકીટ અને એલ.ઈ.ડી જેવી તકનીકોનો ઉપયોગ કરીને ૧૫૦૦ થી ૨૦૦૦ હજારમાં આ પુરેપુરી સિસ્ટમ તૈયાર કરી છે.નજીવા દરની આ સીસ્ટમ દ્વારા સમગ્ર દેશની સુરક્ષા થઈ શકે છે અને આતંકીઓની ઘુસણ ખોરી પણ અટકી શકે છે.આ અંગે પ્રોજેક્ટ બનાવનાર સુનિતા આચાર્યએ જણાવ્યું હતું કે આ એક સિસ્ટમ બનાવી છે હાલમાં આતંકીઓ ઘુસણખોરી કરી રહ્યા છે અને જવાનોને મારી રહ્યા છે તેના માટે આ સિસ્ટમ બનાવવામાં આવી છે અને જેનાથી કાર્ડ સ્કેન કરવાનુ હોય છે અને ત્યાર બાદ એલસીડી પણ પાસવર્ડ માગે છે અને ત્યાર બાદ પાસવર્ડ નાખવાનો હોય છે અને પછી જો તમારો પાસવર્ડ સાચો હોય તો ઘેટ ખુલે અને પાસવર્ડ ખોટો હોય તો હેડ ક્વાટરમાં કોલ કે એસએમએસ જાય છે જેથી હેડ ક્વાટરમાં જાણ થઈ જાય છે કે કોઈ અન્ય માણસ અંદર ઘુસી ગયો છે જેને લઈને આર્મી એલર્ટ થઈ જાય છે.આ અંગે ભાગ લેનાર સૃષ્ટિ પટેલે જણાવ્યું હતું કે આ સિસ્ટમ બનાવવા માટે અમે પી.આઈ.આર સેન્સર, જી.એસ.એમ મોડ્યુલ, કિપેડ, એલસીડી, માઈકો કન્ટ્રોલર જેવા સાધનોનો ઉપયોગ કર્યો છે રૂ.૨૦૦૦ જેટલો ખર્ચ થયો છે.બોર્ડર સર્વેલિયન્સ સિસ્ટમ દ્વારા કોઈ પણ માણસ બોર્ડરની અંદર પ્રવેશ કરશે કે તરત જ સેન્સર દ્વારા તેની ઓળખ થઈ જશે કે કોઈ માણસ આવી રહ્યુ છે ત્યાર બાદ કોઈ માણસ અંદર પ્રવેશ કરશે કે તરત જ એલસીડીમાં બતાવશે કે માણસ અંદર આવ્યો છે ત્યાર પછી જેતે માણસ કે જવાનને આર.એફ.આઈડી કાર્ડ સ્કેન કરવુ પડશે અને કાર્ડ સાચુ હશે તો પછી અંદર પ્રવેશ માટે પાસવર્ડ આપવો પડશે.અને જો એ કાર્ડ ખોટુ હશે તો એ મેસેજ હેડ ક્વાટરમાં જશે.તો વધુમાં તમારો પાસવર્ડ સાચો હશે તો દરવાજો ખુલશે અને જો પાસવર્ડ ખોટો હશે તો હેડક્વાટર્સમાં સીધો કોલ જશે અને તમામ લોકો એલર્ટ થઈ જશે આ પ્રકારે આ સીસ્ટમ કામ કરશે. આમ તો આ ચાર વિધ્યાર્થીઓને આ સિસ્ટમ બનાવવા માટે અમે પી.આઈ.આર સેન્સર, જી.એસ.એમ મોડ્યુલ, આર.એફ.આઈ.ડી કાર્ડ રીડર મોડ્યુલ, કિપેઈડ, એલસીડી, માઈકોકન્ટ્રોલર અને મોબાઈલ જેવા સાધનોનો ઉપયોગ કર્યો છે.અને તેના દ્વારા એક સિસ્ટમ તૈયાર કરીને બોર્ડર અને આર્મી કેમ્પની સુરક્ષા માટે બનાવવામાં આવી છે.આ અંગે સમર્થ કોલેજના આચાર્ય ડૉ.પારસ કોઠારીએ જણાવ્યું હતું કે અમારી કોલેજમાં ૧૨૫ વિધાર્થીઓએ ૭૦ થી વધુ પ્રોજેક્ટ બનાવવામાં આવ્યા છે અને ખાસ કરીને બોર્ડર સિક્યુરિટીનો પ્રોજેક્ટ સારો છે છેલ્લા ત્રણ વર્ષથી અહિ ઈનોવેશન યોજાય છે અને મોટી સંખ્યામાં લોકો અહિ આવીને નિહાળે છે.આમ તો બોર્ડર પર થતી ઘુસણખોરીને નાથવા માટે આ પ્રકારની સિસ્ટમ ખરેખર સારી છે. તેનાથી દેશની સુરક્ષા અને આતંકીઓની ઘુસણખોરીથી ચોક્કસ પણે બચી શકાય છે હવે તો જોવુ જ રહ્યુ કે સરકાર આ વિધ્યાર્થીઓની સિસ્ટમનો ઉપયોગ કરીને બોર્ડર પર લગાવે તો ચોક્કસ પણે દેશની સુરક્ષા અને જવાનોની સુરક્ષામાં વધારો થઈ શકે તેમ છે.

હિંમતનગરમાં ઈનોવેશન-૨૦૧૭ માં શ્રેષ્ઠ પ્રોજેક્ટ બોર્ડર સર્વેલન્સ સિસ્ટમ : આર્મી કેમ્પમાં આર્મી ડ્રેસમાં ઘુસણખોરી કરતા આંતકીઓને રોકવા માટે ઉપયોગ કરી શકાય